# સે. ૨૫ જીઆઈડીસીમાં દોઢ મહિનાથી ગટરો ચોક અપ

## તંત્ર દ્વારા આંખ આડા કાનની નીતિ અપનાવાઈ રહી છે : ગાંધીનગર ઈલેક્ટ્રોનિક ઝોનમાં પાંચસોથી વધુ કંપનીઓ કાર્યરત છે

ગાંધીનગર, તા. ૧૫

શહેરમાં સેક્ટર-૨૫ ખાતે આવેલ ગાંધીનગર ઈલેક્ટ્રોનિક ઝોનમાં ઘણા દિવસોથી ગટરો ચોકઅપ થવાની સમસ્યા સર્જાયેલી છે. આ વસાહતમાં પાંચસોથી વધુ કંપનીઓ કાર્યરત છે. આશરે દોઢેક મહિનાથી આ વસાહતની બહાર ક-રોડને સમાંતર ક-૫ સર્કલ પાસે આવેલી નગરપાલિકાની ગટરો ચોકઅપ થવાની સમસ્યા ઉદભવેલી છે પરંતુ વારંવાર ફરિયાદ કરવા છતા મહિનો વિતી જવા આવ્યો ને ફરિયાદનું કોઈ જ નિવારણ કરાયું નથી.ગાંધીનગર ઈલેક્ટ્રોનિક ઝોનના લોકોએ આ બાબતે માર્ગ અને મકાન વિભાગને શરૂઆતથી જ ધ્યાન દોર્યુ છે અને વખતો વખત જરૂરી ફોટાઓ પણ મોકલેલ છે અને હવે આ ગટરો માત્ર ૨ ફૂટ જેટલી જ ખાલી છે પરંતુ આ બાબતે સંદર્ભીત વિભાગ દ્વારા કોઈ પણ જાતની ગંભીરતા દાખવવામાં આવી રહી નથી અને એસ્ટેટમાં ગટરો ઉભરાઈને બહાર આવવા લાગી છે. ચોમાસાની ઋતુમાં વરસાદી વાતાવરણ ચાલી રહ્યુ છે અને વરસાદ પડતા ગટર અને વરસાદી પાણી ભેગા થતાં આરોગ્યની ગંભીર સમસ્યા ઉભી થવાની ભીતિ સર્જાઈ છે.

વધુમાં એસ્ટેટને અડીને જ થયેલા અસહ્ય એપાર્ટમેન્ટની ગટર લાઈનો પણ આજ લાઈનોમાં જોડવામાં આવેલી છે. જેથી હજુ પરિસ્થિતિ વિપરીત બની શકે તેમ છે. અગાઉ પણ અખબારી યાદીમાં આ બાબતનું નિવારણ લાવવા જણાવવામાં આવ્યું હતું. તંત્ર દ્વારા આ વિસ્તારની સમસ્યાનું કોઈ નિવારણ લાવવામાં ન આવતા લોકો રોષે ભરાયા છે. લોકોએ ખોબલે ને ખોબલે સત્તાધારી પક્ષને વોટ આપ્યા છે જેનું આવુ માઠુ પરિણામ મળશે તેમ લોકોએ ત્યારે વિચાર્યુ નહોતુ. વિકાસની હરોળમાં આ ગાંધીનગરમાં પણ બહોળો વિકાસ થઈ રહ્યો છે પરંતુ વિકાસના ધોધમાં આ જનતા વાંક વગર હેરાન થઈ રહી છે. આ બધી બાબતોને ધ્યાને લઈને માર્ગ અને મકાન વિભાગ થોડી ગંભીરતા દાખવે અને કામગીરી કરાવી તાત્કાલિક આ સમસ્યાનું નિવારણ લાવે તથા ભવિષ્યમાં આ પ્રકારની સમસ્યાઓ ન થાય એ કોઈ કાયમી ઉકેલ લાવે એવી માંગ સાથે લોકોની અપેક્ષા છે. જો એકાદ દિવસમાં આ સમસ્યાનો ઉકેલ નહિ આવે તો સમસ્યા ગંભીર થશે.



# ચંદ્રયાન-૩માં ગાંધીનગરની દીકરીનું મહત્વપૂર્ણ યોગદાન


## અમદાવાદ ઈસરોએ ચંદ્રયાન-૩ ના કેમેરાના મહત્વપૂર્ણ ભાગ બનાવ્યા : ઈસરો અમદાવાદની ટીમમાં કેયુરી પટેલની મહત્વની ભૂમિકા

ગાંધીનગર, તા. ૧૫

દેશ-વિદેશમાં જેની ખુબ નોંધ લેવાઈ છે એવા ભારતના ચંદ્રયાન-૩ મિશનમાં ગાંધીનગરની દીકરી કેયુરી પટેલ અને તેની ટીમ સહભાગી થઈ છે જે ખુબ ગૌરવપૂર્ણ ઘટના છે. ગાંધીનગરની દીકરી પર અભિનંદનનો વરસાદ વરસી રહ્યો છે.

ચંદ્ર પર પહોંચવાનુ સપનુ પૂર્ણ કરવા ભારતના વૈજ્ઞાનિકોએ તનતોડ મહેનત કરી છે. ચંદ્રયાન-૨ ની નિષ્ફળતા બાદ નાસીપાસ થઈ જવાના બદલે વૈજ્ઞાનિકોએ ચંદ્રયાન-૩ ની તૈયારીઓ શરૂ કરી દીધી હતી. લગભગ ત્રણ વર્ષની મહેનત બાદ ચંદ્રયાન-૩ નું લોન્ચીંગ ઈસરોએ શુક્રવારે બપોરે ૨.૩૫ મિનિટે કર્યુ હતુ. ચંદ્રયાન ૧૬ મીનીટ પછી સફળતાપૂર્વક પૃથ્વીની કક્ષામાં પહોંચ્યુ હતુ. ભારતના મિશનની માત્ર દેશમાં જ નહી પરંતુ સમગ્ર વિશ્વમાં ચર્ચા થઈ રહી છે. ભારતની આ સફળતા માટે ઘણા દેશોએ અભિનંદન પાઠવ્યા છે. ભારતના આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે ગાંધીનગરની એક દીકરીને પણ અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે. શહેરના જાણીતા અગ્રણી મહેન્દ્ર દાસના દીકરી કેયુરી પટેલ ઈસરો અમદાવાદની ટીમ સાથે જોડાયેલા છે. ઈસરો અમદાવાદની ટીમે ચંદ્રયાન-૩ ના કેમેરા અને તેના પાર્ટસ બનાવ્યા છે. ચંદ્રની સપાટી ઉપરાંત આસપાસના દશ્યોને કેચ કરી શકતા આ હાઈ ફ્રિકવન્સી કેમેરા તૈયાર કરવામાં ઈસરો અમદાવાદની ટીમે ખુબ જહેમત ઉઠાવી હતી. આ ટીમનો ભાગ એવા કેયુરી પટેલ છેલ્લા સાત વર્ષથી ઈસરો અમદાવાદ સાથે જોડાયેલા છે. લગ્ન બાદ હાલ અમદાવાદ રહેતા કેયુરીબેન પટેલે ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશનમાં એમ ટેક સુધીની ડીગ્રી ડબલ ગોલ્ડ મેડલ સાથે પ્રાપ્ત કરી છે. જાણીતી નિરમા યુનિવર્સિટીમાંથી તેમણે બી ટેક અને એમ ટેકની પદવી પ્રાપ્ત કરી હતી. ઉજ્જવળ કારકિર્દી ધરાવતા કેયુરીબેનને બેંગ્લોરમાંથી ખુબ સારા પગાર પેકેજની નોકરીની ઓફરો પ્રાપ્ત થઈ હતી પરંતુ ગુજરાતમાં રહેવા મળે અને ઈસરો જેવી સંસ્થાના સથવારે દેશસેવાનો મોકો મળે તે માટે તેમણે ઈસરો અમદાવાદમાં નોકરી સ્વીકારી હતી. ચંદ્રયાન-૩ નુ સફળતાપૂર્વક લોન્ચીંગ થતાં ગાંધીનગરની દીકરી પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

# પાલજ સરકારી પ્રાથમિક શાળામાં નિ:શુલ્ક ઈંગ્લીશ સ્પીકિંગ કોર્સ



ગાંધીનગર, તા. ૧૫

પાલજ સરકારી પ્રાથમિક શાળામાં પ્રાથમિક શાળાના ધોરણ પાંચ થી આઠ ના વિદ્યાર્થીઓ માટે નિ:શુલ્ક અંગ્રેજી સ્પીકિંગ કોર્સ ની શરૂઆત આચાર્ય શ્રી હિતેષભાઇ પટેલ દ્વારા કરવામાં આવી છે.સમગ્ર વર્ષ દરમ્યાન જેમાં શાળા સમય બાદ પાયાના અંગ્રેજીથી શરૂ કરીને ઈંગ્લિશમાં વાતચીત કરવા માટેની પદ્ધતિ શબ્દભંડોળ અંગ્રેજી વ્યાકરણ વગેરે વિશે માહિતી આપવામાં આવનાર છે અને આ શિક્ષણ કાર્યમાં વિદ્યાર્થીઓ ખુબજ રસપૂર્વક ભાગ લે છે..આ કાર્ય બદલ ગ્રામ વાલીમંડળ અને એસએમસીનો સહયોગ પ્રાપ્ત થયેલ છે.



મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના જન્મ દિવસ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર તાલુકા યુવા ભાજપના પ્રમુખ યતીનભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લાના પૂર્વ ભાજપ પ્રમુખ રમેશભાઈ પટેલ, ગાંધીનગર તાલુકા ભાજપના ઉપપ્રમુખ પંકજભાઈ પટેલ, રોહીતભાઈ પટેલ તેમજ યુવા ટીમ દ્વારા એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલ ઈસનપુર મોટામાં દર્દીઓને ફળોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# શહેરના એસ.ટી.ડેપોમાંથી મુસાફરના રૂ.૬૦ હજારના મોબાઈલની ચોરી

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના એસટી ડેપોમાંથી રોજ મુસાફરના ખીસ્સામાંથી મોબાઈલ ચોરીની ઘટના સામે આવે છે. મુસાફરોના મોંઘાદાટ ફોન ચોરી થતા હોવા છતા એસટી તંત્ર કે પોલીસ તંત્રને કોઈ ફેર પડતો ન હોય તેમ લાગી રહ્યું છે.

એસટી વિભાગ ધૃતરાષ્ટની ભુમિકા ભજવી રહ્યું હોય તેમ લાગે છે. ત્યારે શહેરના ડેપોમાંથી મોબાઈલ ચોરી કયારે અટકશે તે જોવું રહ્યું.

શહેરના ડેપોમાંથી રોજના હજ્જરો મુસાફરો વિવિધ સ્થળે મુસાફરી કરે છે. ત્યારે શહેરના ડેપોમાં છેલ્લા કેટલાક સમયથી ચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. મુસાફરોના ખીસ્સામાંથી પૈસા કે મોબાઈલ ગાયબ થઈ જાય છે. બસમાં બેસવા જતા સમયે ભીડભાડ હોવાથી તકનો લાભ લઈ ચોર શખ્સો મોબાઈલ ચોરી કરી લેતા હોય છે.

ત્યારે ગત તા.૧૩ ના રોજ છાલા ગામની યુવતિ ગાંધીનગર આઈએલટીએસના કલાસ પૂર્ણ કરી ઘરે જવા બસ ડેપો ખાતે આવી હતી. ત્યારે પ્લેટફોર્મ નં.૧૦ પરથી સરખેજ હિંમતનગર બસમાં બેસવા જતા સમયે ધક્કા મુકી થઈ હતી. તે સમયે યુવતિના પેન્ટના ખીસ્સામાંથી આઈફોન-૧૩ ચોરી થઈ ગયો હતો.

જેથી બસમાં તેમજ આસપાસમાં તપાસ કરતા છતા ફોન મળી આવ્યો ન હતો. ત્યારે મોબાઈલ ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

# ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સે-૮ પ્રાથમિક શાળામાં શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરાયું



ગાંધીનગર, તા.૧૫

ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઘણા વર્ષોથી ગાંધીનગરના શિક્ષણને જીવન ઘડતરનો અમૂલ્ય હિસ્સો માનીને બાળકોને અભ્યાસમાં મદદરૂપ થવા સારું વર્ષભરની જરૂરિયાત પૂરી થાય તેટલી શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવે છે. વિકાસશીલ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના ૬૨માં જન્મદિવસ નિમિત્તે ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગાંધીનગરની સરકારી પ્રાથમિક શાળા સેક્ટર -૮માં શૈક્ષણિક સામગ્રીના વિતરણ નો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ઉદગમના શાળાના મેનેજીંગ ટ્રસ્ટી ડો. મયુર જોષીએ સ્વાગત પ્રવચનમાં મહાનુભાવને આવકારીને ઉદગમ ટ્રસ્ટ દ્વારા શાળામાં કરવામાં આવતા શૈક્ષણિક કાર્યોની માહિતી આપી હતી. કાર્યક્રમના મેહમાન પદે પધારેલ ગાંધીનગર(ઉ)ના લોકલાડીલા ધારાસભ્ય રીટાબેન પટેલે ઉદગમના સેવાકાર્યોને બિરદાવતા કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વિકાસશીલ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા શિક્ષણને પાયાની જરૂરીયાત માનીને ખુબ કામ કરવામાં આવી રહ્યું છે. તેઓએ સેક્ટર -૮ના સક્ષમ દાતાઓને શાળાના જરૂરીયાતમંદ બાળકોને દત્તક લેવા માટે ઉદગમ સંસ્થાને પ્રયાસ કરવાની અપીલ કરી હતી. અતિથિવિશેષ પદે પધારેલ વોર્ડ નં -૧૦ ના નગરસેવક મહેન્દ્રભાઈ પટેલ(દાસ) એ ધારાસભ્યની અપીલને પૂર્ણ કરવાની ખાતરી આપી હતી. સાથોસાથ ધારાસભ્ય રીટાબેન પટેલની અપીલને વધાવતા ગાંધીનગરના ગાયનેકોલોજિસ્ટ ડો. નીતાબેન શેખાતે ૫ દીકરીઓ અને સામાજિક કાર્યકર મનોજભાઈ જોષીએ બે બાળકો અભ્યાસ માટે દત્તક લેવાની જાહેરાત કરી હતી. સર્વે મહાનુભાવોના હસ્તે શાળાના વંચિત બાળકોને અભ્યાસ સારું નાના બાળકોને દફતર, તથા સર્વેને ફુલ સ્કેપ ચોપડા અને પેન્સિલ, રબર, ફુટપટ્ટી, સ્કેચપેન, ડ્રોઈંગ બુક ની કીટ વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાની દીકરીઓને વગર નૃત્યથી પ્રભાવિત થઈ મનોજભાઈ જોશીએ પ્રોત્સાહન રૂપે બાળકોને રૂપિયા ૫૦૧ નું કવર ભેટ આપ્યું હતું.આ કાર્યક્રમમાં ઉદગમ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી ડો. મયુર જોષી, ડો.નીતાબેન શેખાત, મનોજભાઈ જોશી, લાયન્સ કલબ ફેમીનાના પ્રમુખ ચંદાબેન યાદવ, જયપ્રકાશ ભટ્ટ, સંજયભાઈ થોરાટ, નીલેન્દુ વોરા, કીર્તિભાઈ જોષી, ચાણકયભાઈ જોષી , દિક્ષિતાબેન જોષી, એસએમસીના પ્રમુખ અઘરાજી,અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. વાગ્મી, કિરાત તરુણ, ઓમ, કપિલ, કૌશલ, કાવ્યા, અર્શ વગેરે સ્વયંસેવકો સાથે શાળાના આચાર્ય મિત્તલબેન પટેલ અને શિક્ષકગણે કાર્યક્રમને સફળ બનાવ માટે ખુબ જહેમત ઉઠાવી હતી

# સાયબર સિક્યોરિટી અંગેની G20 કોન્ફરન્સમાં NFSU ભાગ લેશે

## NFSU સ્થિત સ્કૂલ ઓફ સાયબર સિક્યોરિટી અને ડિજિટલ ફોરેન્સિક્સના ૧૬ વિદ્યાર્થીઓ-સાયબર સુરક્ષા સ્વયંસેવકોને બેનર અર્પણ કર્યું

ગાંધીનગર,તા.૧૩

વિશ્વની સૌપ્રથમ અને એકમાત્ર ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU) "NFTs, AI અને Maverse ના યુગમાં અપરાધ અને સુરક્ષા વિષય પર હરિયાણા-ગુરુગ્રામ ખાતે આયોજિત G20 કોન્ફરન્સમાં ભાગ લઈ રહ્યું છે, જેનું ઉદ્‌ઘાટન માનનીય કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ દ્વારા ૧૩મી જુલાઈ, ૨૦૨૩ ના રોજ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત માનનીય કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ NFSU સ્થિત સ્કૂલ ઓફ સાયબર સિક્યોરિટી અને ડિજિટલ ફોરેન્સિક્સના ૧૬ વિદ્યાર્થીઓ-સાયબર સુરક્ષા સ્વયંસેવકોને બેનર અર્પણ કર્યું હતું.




માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે સાયબર સુરક્ષાના ભાવિ પડકારો રાષ્ટ્રોને સુરક્ષિત કરવામાં સફળતાની ચાવી બહુપક્ષીય સહયોગ છે.

S-20માં સાયબર સુરક્ષા પરની આ સૌપ્રથમ કોન્ફરન્સ છે. ૨૨૦ ફોરમ પર સાયબર સુરક્ષા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાથી મહત્વપૂર્ણ 'ઈન્ફર્મેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર' અને 'ડિજિટલ પબ્લિક પ્લેટફોર્મ'ની સુરક્ષા અને અખંડિતતાને સુનિશ્ચિત કરવામાં સકારાત્મક યોગદાન મળી શકે છે.

ભારતે કેટલાક 'ઓપન-એક્સેસ ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર' મોડલ સ્થાપ્યા છે, જે વર્તમાન સમયમાં વિશ્વમાં ઉદાહરણરૂપ બન્યા છે.

# રાજ્યના વરિષ્ઠ નાગરિકો માટે સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા.૧૫

રાજ્યના વરિષ્ઠ નિવૃત સનદી અધિકારીશ્રીઓ, તબીબો તથા લેખકોની સુખાકારી પર ધ્યાન કેન્દ્રિત કરીને આર્ટ ઓફ લિવિંગ પર નિવૃત્ત આઈએએસ અધિકારી સી. આર. બીશ્વાસ દ્વારા અનૌપચારિક સેમીનારનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

આગામી તા.૧૬મી જુલાઈને સાંજે ૫.૩૦ કલાકે ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે આ સેમિનાર યોજાશે.

રાજ્યના વરિષ્ઠ નાગરિકો-વડીલો કેવી રીતે તેમના જીવનને વધુ આરામદાયક અને સમાજ ઉપયોગી બનાવી શકે તે આ સેમિનારનો મુખ્ય ઉદ્દેશ છે.

આ સેમિનારમાં ભાગ લેવા નિવૃત્ત આઈએએસ અધિકારી આર.સી.બિશ્વાસનો ૯૮૨૫૬૯૩૦૮૦ નંબર પર સંપર્ક સાધવા જણાવાયું છે.

# લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજીના જન્મદિવસ નિમિત્તે રાજભવન પરિવાર દ્વારા રક્તદાન કેમ્પ

ગાંધીનગર,તા.૧૫

રાજભવનમાં લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજીના જન્મદિવસ નિમિત્તે આજે રાજભવન પરિવાર દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજીના જન્મદિવસ નિમિત્તે રાજભવનમાં રક્તદાન કેમ્પ યોજાય છે. આજે રક્તદાન કેમ્પ દરમિયાન ૮૨૫ યુનિટ રક્ત એકત્ર કરાયું હતું.જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલ ગાંધીનગર, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, અમદાવાદના સૌજન્યથી રાજભવન પરિવાર દ્વારા આયોજિત રક્તદાન કેમ્પમાં ભારતીય સેના, સીમા સુરક્ષા દળ, કેન્દ્રીય રીઝર્વ પોલીસ ફોર્સ, ગાંધીનગર પોલીસ, હોમગાર્ડઝ, પૂર્વ સૈનિકો, એન.સી.સી., એન.એસ.એસ., નહેરુ યુવા કેન્દ્ર, લોકપાલ, ગુજરાત વિદ્યાપીઠ, નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજ, વિશ્વકર્મા એન્જિનિયરિંગ કોલેજ ઉપરાંત અક્ષરધામ, બ્રહ્માકુમારીઝ, રક્તકણિકા ગ્રુપ, ઝાલાવાડી સમાજ અને લાયન્સ કલબ ઓફ અમદાવાદ હૉસ્ટના પ્રતિનિધિઓએ રક્તદાન કર્યું હતું.રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી સાથે લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજીએ રક્તદાતાઓને મળીને આભાર-અહોભાવની લાગણી વ્યક્ત કરી હતી.



રક્તદાન કેમ્પ દરમિયાન ૮૨૫ યુનિટ રક્ત એકત્ર થયું છે, જેનું લેબોરેટરીમાં બ્લડ કમ્પોનન્ટમાં વિભાજન કરીને ૨,૪૭૫ દર્દીઓના જીવન બચાવવામાં મદદરૂપ થઈ શકશે. રક્તદાન કેમ્પ દ્વારા એકત્ર કરાયેલું રક્ત સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં રહેશે. રાજભવન ડિસ્પેન્સરીના મેડિકલ ઓફિસર શ્રી ડૉ?. શશાંક સિમ્પીએ આ રક્તદાન કેમ્પના આયોજનમાં ભારે જહેમત ઉઠાવી હતી. તેમણે રાજભવન પરિવાર વતીથી સહુ સ્વયંસેવકો અને રક્તદાતાઓનો આભાર માન્યો હતો.

# વરૂણદેવની કૃપા પ્રાપ્તિ માટે આજે પર્જન્ય યજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

વરૂણદેવની કૃપા પ્રાપ્તિ માટે તથા સારા વરસાદ માટે પર્જન્ય યજ્ઞનું આયોજન આવતીકાલે તા. ૧૬મી જુલાઈના રોજ વેસ્ટર્ન એગ્રી સીડ્સ લી. રીચર્સ ફાર્મ, ધોળાકુવા, ગાંધીનગર-માણસા રોડ, તા. માણસા ખાતે કરવામાં આવ્યું છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ વેસ્ટર્ન એગ્રી સીડ્સ પરિવાર અને નેચર ફર્સ્ટ પરિવાર દ્વારા પર્જન્ય યજ્ઞની સાથોસાથ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે. આ અનોખા કાર્યક્રમ અંતર્ગત સવારે ૭ થી ૮ દરમ્યાન યોગ અભ્યાસ, ૮ થી ૮.૩૦ મેડીટેશન, ૯.૩૦ થી ૧૦.૩૦ વૈદિક હવન, ૧૦.૩૦ વાગ્યાથી પર્જન્ય યજ્ઞ યોજાશે. આ સાથે જ મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ પણ યોજાશે. આ અનોખા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ડૉ. એન.પી. પટેલ, વેસ્ટર્ન એગ્રી સીડ્સ લી પરિવાર અને નેચર ફર્સ્ટ પરિવારે આમંત્રણ પાઠવ્યુ છે.

# ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે વાલી મીટીંગ




આજે તારીખ ૧૫/ ૭/ ૨૦૨૩ ના રોજ શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ગ્રાન્ટેડ વિભાગમાં ધોરણ ૧૧,૧૨ના તમામ પ્રવાહના વિદ્યાર્થીઓની વાલી મીટીંગ રાખવામાં આવેલી હતી. જેમાં મોબાઈલનો દુરુપયોગ, અનિયમિતતા,આરોગ્ય, એકમ કસોટી, શિસ્ત આવા અનેક વિષયો ઉપર વાલી સાથે ચર્ચા કરવામાં આવી હતી. હસમુખભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ મીટીંગ નું આયોજન કરવામાં આવ્યું જેમાં વાલીઓનો હકારાત્મક અભિગમ રહ્યો હતો.